

શિયાળાની સિઝનમાં વડાગામમાં લીલા અને તાજા શાકભાજીની નવી આવક અને ભાવો સામાન્ય રહેતા શાકભાજીની ખરીદીમાં ગૃહિણીઓમાં અનેરો ઉત્સાહ છવાયો હતો. (તસવીર : બાબુભાઈ પટેલ)

## મેઘરજમાં ખેડૂતોની મજાક ઉડાવતા વેપારી સામે ખેડૂતોમાં આક્રોશ

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના વિસ્તારમાં અને મેઘરજ નગરમાં ખેડૂતોની મોટી લાઈનોની કતારો લાગે છે ત્યારે ગરીબ અભણ ખેડૂતોની દુકાનદારો મજાક ઉડાવે છે.

મેઘરજ તાલુકામાં ખાતરની મોટી મુશ્કેલીમાં એક કાળા બજારના ખાતરના વેપારીએ ખેડૂતોની મોટી મજાક કરતા પ્રજાએ આક્રોશમાં આવી હોબાળો મચાવ્યો હતો જયાં બંધ દુકાન હતી અને ખાતર પણ ન હતું તેવી જગ્યાએ ખેડૂતોને મોકલી લાઈન કરાવી હતી ત્યારે દુકાનનું શટર ખોલતા ખાતરની જગ્યાએ દવાખાનું નીકળ્યું હતું. આથી ખેડૂતોએ હાય હાય પોકારી હોબાળો મચાવ્યો હતો. પ્રજામાં વેપારીઓની આ પ્રકારની મજાક સામે આક્રોશ જોવા મળ્યો હતો.

# શ્રમયોગીઓ જીવનધોરણનું સ્તર ઉચું લાવાનો રાજ્ય સરકાર દ્વારા પ્રયાસ હાથ ધરાયો છે : દિલીપકુમાર ઠાકોર

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૨૯ હજારથી વધુ શ્રમિકોને સહાય અપાઈ

હિંમતનગર, તા. ૨૬

રાજય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ અસંગઠીત શ્રમયોગીઓને હાથો હાથ પંહોચાડવાના ભાગરૂપે આજે હિંમતનગરના માર્કેટ યાર્ડ ખાતે રાજયના શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર તથા પછાત વર્ગ કલ્યાણ વિભાગના સંસદીય સચિવ વાસણભાઈ આહિરની અધ્યક્ષતામાં સાબરકાંઠા અને અરવલ્લી જિલલાનો સંયુકત શ્રમયોગી કલ્યાણ મેળો યોજાયો હતો.

આ -સંગે શ્રમિકોના કલ્યાણની વાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, આજે રાષ્ટ્રના આર્થિક નિર્માણમાં જે પાયના પથ્થર સમાન છે. તેવા શ્રમિકોના કલ્યાણની ચિંતા આજ દિન સુધી કોઈ કરી ન હતી પરંતુ રાષ્ટ્રના દિર્ઘદ્રષ્ટા માન. -ધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી મતી આનંદીબેન પટેલે શ્રમિકો સંતાન સારૂ શિક્ષણ અને પાયાની યોગ્ય સુવિધા મળી રહે તે માટે શ્રમિક કલ્યાણ મેળાનું આયોજન હાથ ધર્યુ છે.

વધુમાં તેમણે જણાવ્યુ હતું કે આ શ્રમયોગીના જીવનધોરણનું સ્તર ઉચું આવે તે માટે યુનિક આઈડી કાર્ડ આપવાનું નક્કી કરાયું જેનાથી શ્રમયોગીના પરીવારને આરોગ્ય સહિત સરકારની અનેક વિધ કયાણકારી યોજનાઓ લાભ મળી રહશે. તેમણે રાજયના ચાર લાખથી વધુ શ્રમયોગીઓને આ લાભ હેઠળ આવરી લેવાનું જણાવી સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ૨૯ હજારથી વધુ શ્રમયોગીઓને આકસમિક વિમા યોજના સહિત અનેકવિધ લાભો મળતા થશે. મંત્રીએ રાજયના શ્રમિકોની કલ્યાણ અર્થે રાજય સરકાર ધ્વારા વર્ષે પાંચ કરોડથી વધુની વિમાના ન્મિયમ ભરી તેમના આરોગ્યની ચિંતા કરતા હોવાનું જણાવ્યું હતું.

આ શ્રમયોગી કલ્યાણ મેળામાં ઉપસથિત સામાજીક અને આર્થિક પછાત વર્ગનું કલ્યાણ વિભાગના સંસદીય સચિવ વાસણભાઈ આહિરે જણાવ્યું હતુ કે સમાજના પછાત વર્ગને પણ એક ઉચ્ચસ્તરનું જીવન જીવી શકે તે માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે. જેનો મહત્તમ લાભ લેવા લાભાર્થીઓને અનુરોધ કર્યો હતો.




# ભારતને ઈસાઈલેન્ડ બનાવવા માટે વિદેશથી કરોડો રૂપિયાનું ભંડોળ આવે છે

મોડાસા તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભીલોડા તાલુકાના પ્રસીધ્ધ યાત્રાસ્થળ શામળાજીની નજીક આવેલા લુસડીયા ગામમાં વિહપદ્વારા ૩૧ કુંડી મહાયજ્ઞ યોજાયો હતો. લુસડીયા ગામમાં ખ્રિસ્તી સમુદાયના લોકો રહેતા હોવાથી આ ગામમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કરવામાં આવેલા યજ્ઞના કારણે અરવલ્લી જીલ્લામાં ચહલ પહલ.

અરવલ્લી જીલ્લાના શામળાજી નજીકનું લુસડીયા ગામમાં અંગ્રેજોના સમયથી ખ્રિસ્તી મિશીનરીઓનો વિવિધ કાર્યો માટે જાણીતું છે. આ ગામમાં આઝાદી પહેલા અંગ્રેજો દ્વારા મેડીકલ સુવિધાઓ ઉભી કરીને આદીવાસી સમુદાયમાંથી અમુક લોકોને ખ્રિસ્તી ધર્મ અપનાવવમાં સફળતા મેળવી હતી. આઝાદી પહેલાની ચળવળના લીધે મોટી સંખ્યામાં ચર્ચો અસ્તિત્વ ધરાવે છે. આ વિસ્તારમાં વિશ્વ હિન્દુ પરિસદ સુવર્ણ જયંતિ વર્ષે નિમિત્તે ૩૧ કુંડી મહાકુંડીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫૧ જેટલા યુગલોએ આ મહાયજ્ઞમાં ભાગ લઈ હિન્દુ પરંપરા અને સાંસ્કૃતિને વળગી રહેવાનો નિર્ધાર વ્યકત કર્યો હતો. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદના પ્રચારક ધર્મેન્દ બાવાની એ પત્રકારોને જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં વિહપ દ્વારા ધર્માતરણની કોઈપણ જાતની બળજબરી પૂર્વક કાર્યવાહી કરવામાં નથી આવતી. પણ સ્વદેશ વાપસીની કાર્યવાહી થાય છે. જે હંમેશ માટે ચાલુ રહેશે તેમાં કંઈ જ ખોટું કરવામાં આવતું નથી. ટૂંક સમયમાં કચ્છ વિસ્તારમાં પણ ૧૦૦૦ જેટલા લોકોના ઘરવાપસી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતદેશમાં ખ્રિસ્તી મશીનરીઓની નર્શે અને પાદરીઓને વિદેશથી ૧૮ કરોડ રૂપિયાનું ફંડ પ્રાપ્ત થાય છે. જેનો દુરઉપયોગ આ લોકો દ્વારા ધર્મ પરિવર્તનમાં કરવામાં આવે છે. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ અરવલ્લી જીલ્લાના અગ્રણીઓ વાડીભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, કિરીટભાઈ શાહ સહિતના વિવિધ અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. ખ્રિસ્તી મિશિનરીઓ ધરાવનારા ગામમાં વિહપ દ્વારા કાર્યક્રમ યોજાતાં પોલીસ બંદોબસ્ત પણ મોટી સંખ્યામાં ખડકી દેવામાં આવ્યો હતો.



## પાલનપુરમાં શિક્ષકને ગઠિયો ૨૦ હજારનો ચુનો ચોપડી ગયો

પાલનપુર, તા. ૨૬

આજકાલ ઠંડીની સીઝનમાં શિયાળો જામતો જાય છે. તેમ ગઠિયાઓ પણ તેમના કિમીયાઓ સફળ રીતે પાર પાડી લોકોની ઠંડી ઉડાડી રહ્યા છે. પાલનપુર શહેરના કોઝી વિસ્તારમાં આજે એક શિક્ષકને એક ગઠિયો રૂ.૨૦ હજારનો ચૂનો ચોપડી ગયાના બનાવથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુર શહેરના હાઈવે વિસ્તારના આકેસણ રોજ પર આવેલી અક્ષતમ્ સોસાયટીમાં રહેતા જીગર અરવિંદભાઈ જોષી (શિક્ષક) કોઝી વિસ્તારમાં આવેલી બેંક ઓફ ઈન્ડિયામાંથી તેમને રૂ. ૨૦ હજાર લઈ તેમની સ્કૂટીની ડેકીમાં મુકી રવાના થવાના હતા ત્યારે અચાનક જ કોઈ ગઠિયાએ એકાએક આ ભાઈને બૂમ પાડી કહ્યું કે, તમારા શર્ટ પર કીડીઓ છે. તે શર્ટ પર પાછળ વળી જોવા જતાં ડીકીમાંથી રૂ. ૨૦ હજાર લઈ રફુચક્કર થઈ ગયો હતો.

ત્યારે કીડીઓ નહોતી પણ ગઠિયો તાના રૂપિયા સરકાવી ગયાનું જાણ આ ભાઈ હેબતાઈ ગયેલ અને પશ્ચિમ શહેર પોલીસ સ્ટેશને ફરિયાદ આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.



અરવલ્લી જીલ્લાના ખેરંચા મુકામે સ્થિત સૂર્યા ફાઉન્ડેશન તથા રાજય આદિજાતિ વિકાસ ખાતાના સહયોગથી ચાલતી સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલ ખાતે તારીખ ૨૪-ફેબ્રુઆરી -બુધવારના રોજ વાર્ષિક એકલવ્ય રમતોત્સવ ૨૦૧૪-૧૫ની દબદબાભેર શરૂઆત કરવામાં આવી હતી. ચાર દિવસ ચાલનારા આ રમત-ગમતના પર્વમાં તારીખ ૨૪-૨૫ બે દિવસ ભાઈઓ તથા તારીખ ૨૬-૨૭ બે દિવસ બહેનો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન થશે. કુલ પાંચ જીલ્લા સાબરકાંઠા, બનાસકાંઠા, ગીર-સોમનાથ, પંચમહાલ તથા મહીસાગર ની કુલ ૨૩ શાળાઓ આ રમતોત્સવમાં અલગ અલગ ૧૭ રમતોમાં પોતાની કળા-કરતબનું પ્રદર્શન કરશે. આ રમતોત્સવના ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન પદે બિરાજમાન અરવલ્લી જીલ્લાના કલેકટર શ્રી બી.જે.ભટ્ટ દ્વારા રમતવીરોને ખેલનો મહિમા સમજાવવામાં આવ્યો હતો તથા તેઓએ ઉમેર્યું કે રમતનો ધ્યેય નિપુણતા પ્રાપ્ત કરી સફળતાઓની ઉંચાઈઓ સર કરવાનો હોવો જોઈએ. તેઓએ સૂર્યા એકલવ્ય સૈનિક સ્કૂલના ગોલ્ડ મેડાલીસ્ટ કેડેટ રામસિંહ રાઠવાને મશાલ પ્રજવલિત કરી ખેલની શરૂઆત કરાવી હતી. વિધાર્થીઓના આનંદ અને ઉત્સાહમાં વધારો થાય અને તેઓ ખુબ ખેલદિલી પૂર્વક રમી વિજય પ્રાપ્ત કરે તેવી શાળાના મેનેજર શ્રી સત્યેન્દ્ર શર્મા, પ્રિન્સીપાલ ડો.શૈલેન્દ્રકુમાર અગ્રવાલ તથા ખેરંચા ગામના સરપંચ શ્રી પ્રેમજીભાઈ ડામોર અને અન્ય આમંત્રિત મહેમાનો દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

## અરવલ્લીના વૈયામાં આદિવાસી બહેનોને સાડી વિતરણ અને ગીતાજ્ઞાન કાર્યક્રમ યોજાયો

મોડાસા તા.૨૬

અરવલ્લી જીલ્લાના આંતરીયાળ મેઘરજ તાલુકાના વૈયા ગામે રામદેવ આશ્રમમાં ગીતાજ્ઞાન તથા ગરીબ આદિવાસી બહેનોને સાડી વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. રામદેવ આશ્રમ (વૈયા) મેઘરજના મેનેજીંગ ટ્રસ્ટી દિપકભાઈ રામદેવ પુત્રએ દિપ પ્રાગટય કરી ઉપસ્થિત સૌનું સ્વાગત કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં મેઘરજ તાલુકાના લખીપુર, પાલ્લા, કટવાડા, વૈયા, કુંભેરા, ધોળેશ્વર, વાઘ મટુડી તથા ગોઠ ગામની ૭૦૦ થી વધારે બહેનોએ વિશાળ સંખ્યામાં હાજર રહી કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

ગીતાજ્ઞાન પ્રવચનના વકતા જાણીતા પ્રવકતા અને લો-કોલેજના ભૂતપૂર્વ આચાર્ય કરશનદાસ ખેરે સૌ બહેનોને ગીતા પાઠનું રસપાન કરાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત અરવલ્લી જીલ્લા કલેકટર બી.જે.ભટ્ટએ પ્રાસંગીક પ્રવચન કરાવ્યું હતું. હાલની પરિસ્થિતિમાં અનુકુળ શૌચાલય ઉપર ભાર મુકી સ્વચ્છતા અભિયાન ઉપર ભાર મુકયો હતો. આ પ્રસંગે ઉપસ્થિત અગ્રણી સંસ્થાઓના વડા દીઘડીયાના સંત સહજાનંદ બાપુ, સૌરાષ્ટ્ર સેવા સમાજ મોડાસાના પ્રમુખ ભરતભાઈ પરમાર, સરસ્વતી બાલમંદિર મંડળ મોડાસાના પ્રમુખ નિલેષ જોષી જનકલ્યાણ સેવા સમીતીના ચિનુભાઈ જોષી દાનવીર અને કોન્ટ્રાકટર અમરતભાઈ પટેલે નવા એન.એલ.એસના વિધાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# ઉત્તર ગુજરાત યુનિવસિર્ટીમાં ગતિશીલ ગુજરાત અને સાંપ્રત પત્રકારત્વ વિષય પર સેમિનાર યોજાયો

મહેસાણા, તા.૨૬

પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ અને જિલ્લા માહિતી કચેરી મહેસાણા તેમજ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વવિધાલયના સંયુકત ઉપક્રમે ગાંધી સ્મૃતિ હોલ ખાતે ગતિશીલ ગુજરાત અને સાંપ્રત પત્રકારત્વ વિષય પર માસ કોમ્યુનિકેશન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત યુનિના પૂર્વ ઉપકુલપતિ અને શિક્ષણવિદ ડો.જીતેન્દ્ર પંચોલીએ જણાવ્યું હતું કે ગતિશીલ ગુજરાતના માધ્યમથી સમાજના વિવિધ ક્ષેત્રોમાં કામની ઝડપ આવી છે. આજે રાજયએ વિશ્વમાં નંબર વન સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમાં માધ્યમોનો ખુબ મોટું યોગદાન છે. પત્રકારોની જવાબદારીઓ સમાજ માટે ખુબ જ મોટી છે. ઈ.સ.૧૬૦૫ થી શરૂ થયેલ આ યાત્રા આજે વૈશ્વિક દુનિયામાં નવિન સ્થાન પ્રાપ્ત કર્યું છે. પત્રકારશ્રીઓ માટે ચોથી જાગીર જેવા શબ્દો પ્રચલિત બન્યા કે પત્રકારો લોકોવતી કામ કરવાનુંછે. લોકોની આશાઓ અને આકાંક્ષાઓ પૂર્ણ કરવાનું કામ પત્રકારશ્રીઓ કરી રહયા છે.

પંચોલીએ વધુમાં જણાવ્યું હતું કે પત્રકારો થકી પ્રજાલક્ષી કામો થવાના છે. પત્રકારો એ વસ્તુલક્ષી અભિપ્રાયો થકી સામાજીક જવાબદારી પુરી કરવાની છે.

પત્રકારત્વ વિભાગના કો.ઓર્ડિનેટર ડો.નિલેશભાઈ પેટેલે જણાવ્યું હતું કે માધ્યમો થકી આજે ગુજરાત ગતિશીલ બન્યુંછે. ગુજરાતની નોંધ સમગ્ર વિશ્વએ લીધી છે. ગુજરાત આર્થિક શિક્ષણ અને વ્યવહારીક રીતે અગ્રેસર રહયુંછે. ગતિશીલ ગુજરાતની નોંધ માધ્યમોએ લઈ ગુજરાત વિકાસ યાત્રામાં સહયોગ આપવો જોઈએ. નિર્મળ ગુજરાત વાયબ્રન્ટ ગુજરાત, ખેલે ગુજરાત જેવા સ્લોગનો થકી રાજયનો અવિરત વિકાસ થયો છે.

પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદના સહાયક માહિતી નિયામકશ્રી અભય રાવલે જણાવ્યું હતુ કે ગતિશીલ ગુજરાત શબ્દ જ તેનામાં એક ગતિશીલતા લાવે છે. કનૈયાલાલ મુનશીએ ગુજરાતની અસ્મિતાના શબ્દથી પ્રગતિશીલનો ભાવ રજુ કર્યો આગામી સમયમાં યોજાનાર શ્રમિક કલ્યાણ મેળા થકી શ્રમિકોસુધી લાભ પહોચાડવાનુંકામ રાજય સરકારી રહી છે. આ શ્રમિકોવિના એકપણ કામ શકય નથી. જેથી શ્રમિકોના ઉદ્ધાર માટે સરકાર પ્રયત્નશીલ છે. ગતિશીલ ગુજરાતના ખ્યાલમાં માધ્યમોની ભુમિકા જરૂરી છે.

પત્રકારત્વ વિભાગના ફેકલ્ટી અને નિવૃત સહાયક માહિતી નિયામક ભરત રાવલે જણાવ્યું હતું કે પત્રકારો સમાજને દિશા આપવાનું કામ કરી રહયા છે. ગુજરાતને સતત આગળ વધારવામાં માધ્યમોનો ફાળો ખુબ મોટો છે. માધ્યમો હકારત્મક રીતે સમાજને મદદરૂપ બન્યા છે. ગતિશીલ ગુજરાતમાં આ સાંપ્રત પ્રવાહમાં માધ્યમો સહયોગ આપી ગુજરાતને વિકસીત બનાવે. આ પ્રસંગે નાયબ માહિતી નિયામક શ્રી પરેશ શાહે સ્વાગત પ્રવચન કરી મહેમાનો અને પત્રકારશ્રીઓને આમંત્રિત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમની આભાર વિધિ નાયબ માહિતી નિયામક પાલનપુર અને ઈન્ચાર્જ નાયબ માહિતી નિયામક પાટણ શ્રીમતી કાન્તાબેને પટેલે કરી હતી.

કાર્યક્રમનું સંચાલન પત્રકારત્વ વિભાગના વિધાર્થી વિજય દેસાઈએ કર્યું હતું. કાર્યક્રમમાં મહેસાણા, પાટણ અને પાલનપુર જિલ્લાના પત્રકારો અધિકારીશ્રીઓ કર્મચારીઓ યુનિવર્સીટી પત્રકારત્વ વિભાગના વિધાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

## ખેડબ્રહ્માના નવી મેગાલ ગામે અકસ્માતમાં એકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના અંબાજી હાઈ-વે પર નવી મેગાલ બસ સ્ટેશને કારે બાઈકને ટકકર મારતા એક વ્યકિતનું મોત નિપજયું હતું. અને એક ઘાયલ થયો હતો.

નવી મેગાલ બસ સ્ટેશને સોમવારે બપોરે કિંગટીટા ગામના રમણભાઈ કેવડાભાઈ ખેર અને ઈશ્વરભાઈ રકમાભાઈ ખેર બાઈક નં. જીજે-૧ એફ આર ૭૬૧૬ લઈ ખેડબ્રહ્મા આવતા હતા ત્યારે અલ્ટો કાર નં. જીજે-૯-બીએ ૭૦૮૦ ચાલકે પોતાની કાર ગફલત ભરી રીતે બેદરકારીથી પુરપાટ ઝડપે હંકારી બાઈકને ટકકર મારી ભાગી ગયો હતો જેમાં બાઈક ચાલક રમણભાઈને શરીરે ઈજાઓ પહોંચી હતી.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)




દાંતીવાડા પી.એસ.આઈ કે.પી.ગઢવીની ઉપસ્થિતિએ દાંતીવાડા પોલીસ સ્ટાફ તેમજ જી. આર. ડી જવાનો અને ભારતીય જનતા પાર્ટીતાલુકા -મુખ બાબુભાઈ મોદી, પૂર્વ તાલુકા પંચાયત -મુખ આલ્જીભાઈપરમાર, દાંતીવાડા ગ્રામ પંચાયત સરપંચપતિ શુરેશભાઈ મોદી , ગામના ઉત્શુકલોકો, વ્યાપારીઓ અને દાંતીવાડા સર્વે પોલીસ પરિવારે સાથે મળી સ્વચ્છતાઅભિયાન હાથ ધર્યુ હતું, આ સ્વચ્છતા અભિયાનમાં લોકો અને પોલીસની ભાગીદારીએ ભીડ ભર્યો માહોલ સર્જાયો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD  Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

## ઊંઝા નજીક જીપ-ટ્રક વચ્ચે અકસ્માતમાં પાંચ ને ઈજાઓ એકની હાલત નાજુક

ઊંઝા, તા. ૨૬

આજે સાંજે ઊંઝા નજીક હાઈવે પર માલ ભરેલ જીપડાલુ અને ટ્રક અથડાતાં પાંચ વ્યકિતઓને ઈજાઓ થઈ હતી. જેમાં એકની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

વિગત એવી છે કે આજે સાંજના સુમારે ઊંઝાથી વરિયાળીની બોરીઓ ભરીને એક જીપડાલુ ઉનાવા તરફ જઈ રહ્યું હતું ત્યારે ઊંઝા નજીક રેલવેના અગિયાર ગરનાળા પાસે માલ ભરેલ જીપડાલુ અચાનક કોઈ કારણસર ફોરલેન હાઈવે વચ્ચેના ડીવાઈડરથી સામેના રોડ પર ધસી જતાં ટ્રક સાથે અથડાયું હતું. જેથી જીપડાલુ અને ટ્રક બંને વાહનો પલ્ટી ખાઈ ગયા હતા. જેમાં બંને વાહનોના કુલ પાંચ વ્યકિતઓને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને ૧૦૮માં ઊંઝા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. અકસ્માતની જાણ થતાં ઊંઝા પોલીસે ઘટના સ્થળે આવી પહોંચી હતી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માત સ્થળે બે દિવસ પૂર્વે એક માલ ભરે જીપડાલું પલ્ટી ખાઈ જતાં એક મજૂરનું દટાઈ જવાથી કરૂણ મોત નિપજયું હતું.